નાની બરાર ગામના ખેતરોમાં રિલાયન્સ દ્વારા હેવી વીજલાઈન નંખાતા ભારે વિરોધ

- ખેડૂતોની માલિકીની જમીન પર કોઈ પ્રકારની હરકત ન કરવાની માગ સાથે કલેક્ટરને આવેદન પાઠવાયું

ખેડૂતો નાના કલેક્ટરને પાઠવાયું આવેદનપત્ર. (મુકેશ ગોસ્વામી)

મોરબી, તા.૯ : જિલ્લાના માળિયા મિયાણા તાલુકાના નાની બરાર ગામની ખેડૂતોની રિલાયન્સ ઈન્ફ્રાટેલ લિમિટેડ અને રિલાયન્સ જીયો કંપની દ્વારા સાબદે અહીં એકી સાથે હેવી વીજલાઈનનો સખત વિરોધ કરાયો છે. આજે પિડવીને કલેક્ટર આવેદન પાઠવીને રજૂઆત કરી છે.

આવેદનમાં ખેડૂતોએ જણાવ્યું છે કે, નાની બરારના ખેડૂતોની જમીન અને અભણ છે. ખેડૂતોનું મુખ્ય ખેતી જ એકમાત્ર આજીવિકાનું સાધન છે. ખેડૂતોને રિલાયન્સ કંપનીની બાજુમાં આવેલ ઓફિસ તરફથી જાણ કરવામાં આવી છે કે, તેમના સર્વે નંબરની અતિ બહુમૂલ્ય જમીન પરથી ૭૬૫ કેવીની વીજલાઈન પસાર થવાની છે. આ બાબતે કંપનીએ મંજૂરી આપી દીધી છે, પરંતુ જમીન માલિકોને પૂછવામાં પણ આવ્યું નથી તેવો આક્ષેપ ખેડૂતોએ કર્યો છે. કુલદુપ જમીનને બદલે અન્ય બંજર જમીન, ખરાબાની જમીન કે દરિયાઈ પહોળાણ વિસ્તારમાંથી લાઈન પસાર કરવામાં આવે, જેથી ખેડૂતોનું ભવિષ્ય અંધકારમય ન બને. કાયદાની ઝાંટીપૂંટીમાં ફસાવીને ખેડૂતોને ક્ષેત્રવામાં આવે છે અને વિકાસના નામે મામૂલી વળતર અપાય છે. જેથી ખેડૂતોને વિશ્વાસમાં લીધા વિના તમની માલિકીની જમીન પર કોઈપણ પ્રકારની હરકત કરવી નહીં, અન્યથા ખેડૂતો દ્વારા સખત વિરોધ કરવામાં આવશે.

મોરબીમાં દૂધની ડેરીમાં બોઈલર ફાટ્યું, એક શ્રમિકનો ઈજા

મોરબી, તા.૯ : શહેરના જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ભોલેબાબા ડેરીમાં દૂધ ગરમ કરવા માટેનું ૩૦૦ કિલો વજનના બોઈલરમાં બ્લાસ્ટ થતાં કામ કરતા શ્રમિકનું દાઝીને કારણે મોત થતું. બ્લાસ્ટને પગલે એક ભાગ હવામાં ફંગોળાઈ નજીકમાં આવેલી ફેક્ટરીના શેડમાં પડ્યો હતો. દુર્ઘટના સમયે એક શ્રમિક હાજર હતો, જેને સામાન્ય ઈજા પહોંચી હતી. કોઈ જાનહાની થઈ નથી. બોઈલર બ્લાસ્ટ થયા બાદ આગ ફાટી નીકળી હતી. જેને ડેરીના સંચાલકોએ સ્થાનિકોની મદદથી તુરંત કાબૂમાં લીધી હતી.

શિંગોડા સિંચાઈ યોજના અંતર્ગત કેનાલ ખેડૂતો માટે જીવાદોરી સમાન

કોડિનાર તાલુકાના 15 ગામોને સિંચાઇનો લાભ

હસમુખ મુંજપરા

કોડિનાર, તા. ૯: શિંગોડા સિંચાઇ યોજના અંતર્ગત કોડિનાર તાલુકાના જામવાળા ગામ પાસે શિંગોડા નદી પર બાંધવામાં આવ્યો છે. આ યોજનાનો ગીર-સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ૧૫ ગામોને સિંચાઇનો લાભ મળે છે.

વધુમાં સિંચાઈ પેટા વિભાગનાં નાયબ કાર્યપાલક ઈજનેર વી.વી.રાઠોડએ જણાવ્યું કે, શિંગોડા સિંચાઈ યોજના હેઠળ ઢળા કાંઠામાં આવતા લાભિત વિસ્તારોમાં આ કેનાલ ખેડૂતો માટે જીવાદોરી સમાન બની છે. કોનાઈ સિંચાઇ ઉપલબ્ધ ન હોવાથી, ભૂગર્ભ પાણીના તળ નીચા હોવાના કારણે કૂવામાં લાંબા સમય સુધી પાણી ટકતું નથી જેથી આ લાભિત વિસ્તાર ગામો જેવા કે, સુગાળા, છાલ્કર, જગનિયા , કરેડા, સમાણા રાજપરા, ચિતિયાજ , હાથપોકાર ,મોટી ઝાઝણી, સેઢાવા વેગેરે જેવા ગામો માં અંદાજિત ૮૦૦.૦૦ હેક્ટરમાં વર્ષ શેરડી તથા અન્ય ધાન્ય પાકોમાં બાગાયતી અને અન્ય પાકોમાં કેનાલ દ્વારા પાણી આપવામાં આવે છે.

આ વર્ષે રવિ સિઝન માં ૫ (પાંચ) રસી સીઝન પૂર્ણતાને આરે છે. ત્યાર બાદ ઉનાળુ સીઝનમાં ૨ અમ કુલ સાત (૭) પાણી આપવામાં આવશે. હાલ કેનાલમાં ચાર પાણી પૂર્ણ થયા અને પાંચમું પાણી શરૂ છે. પાચ પાણી પૂર્ણ થયા બાદ ઉનાળા સીઝનમાં ઉનાળુ પાણી આપવામાં આવશે જેથી ખેડૂતો વધારે સિંચાઈનો લાભ મળે તે માટે ઉનાળુ સીઝનમાં આ વર્ષે અંદાજિત ૧૦૦૦ હેક્ટર કરતા વધારે વિસ્તારમાં સિંચાઈનું આયોજન છે. જેથી ખેડૂતોનું ઉત્પાદન - વાવેતર પણ અન્ય તાલુકા કરતા વધારે થશે.

...માં સમૂહ લગ્નમાં નિખિલ દોંગાનું ...સ્વીકારાતા રાજકારણ ગરમાયું

...સ્વીકારાયું તો મારી સાથે દુશ્મનીની તૈયારી ...ની ભાજપના નેતાએ ધમકી આપ્યાનો આક્ષેપ

...તા.૯ : ગોંડલમાં ...મુવ આક્ષેપો કે ...વરણ સર્જાતું એતું ...સુપ દ્વારા લેઉવા ...દોશીઓના સમૂહ ...સમૂહ લગ્ન કરાયું હતું. જેમાં ...દોંગા દ્વારા ...નું દાન અપાયું ...તો મનાતા પીયૂષ ...સોશિયલ ...વાયરલ કરી ...હતો કે, ભાજપના ...નેતાના પ્રેશરથી ...નિખિલ દોંગાનું ...નથી. ...દિયાએ આરોપ ...સમૂહ લગ્નના ...ગામોમાં નિખિલ ...આવતા ગોંડલ ભાજપના મોટા નેતાએ આયોજકોને નિખિલ દોંગાનું દાન ન લેવા પ્રેશર કર્યું હતું. ભાજપના આ મોટા નેતાએ આયોજકોને જો દાન સ્વીકારાયું તો મારી સાથે દુશ્મનીની તૈયારી રાખજો તેવી ધમકી પણ આપ્યાનો આક્ષેપ કર્યો હતો.

બીજી તરફ સમૂહ લગ્નનાં આયોજકો પેઢી ગીરધરભાઇ વેકરિયાએ જણાવ્યું કે, અગિયાર લાખના દાન મુદે અમને કોઇ રાજકીય આગેવાનનું દબાણ નથી આવ્યું. આ દાન લેવા અંગે ટ્રસ્ટી મંડળમાં મતભતાંતરો થતા કોઇ વિવાદ ન સર્જાય તે હેતુથી દાન સ્વીકારાયું નથી. સોશિયલ મીડિયામાં વ્યાયરલ આક્ષેપ તદન પાયાવિહોણા છે. આ પટેલ સમાજ ને ગુમરાહ કરવાનો મિથ્યા પ્રયાસ છે.

હળવદના વાંકિયા ગામે પાવરગ્રીડ લાઈન નાખવાની કામગીરીનો વિરોધ

કલેક્ટરને આવેદન પત્ર પાઠવી કામગીરી અટકાવવા કરી માગ

પાવરગ્રીડ લાઇનનો વિરોધ વ્યક્ત કરતા ગ્રામજનો.(મુકેશ ગોસ્વામી)

મોરબી, તા.૯: હળવદ તાલુકાના વાંકિયા ગામમાં ક્લીનમેક સોલર કંપનીની પાવરગ્રીડ લાઈન નાખવાની કામગીરી સામે ગ્રામજનોએ આક્રોશ વ્યક્ત કર્યાં છે. આ મામલે ગામના સરપંચ લીલાબેન બદ્રકભાઈ દેત્રોજા અને અન્ય ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી કામગીરી અટકાવવા માગ કરી છે.

વાંકિયા ગામે કંપની દ્વારા ધોડાઝોડ નદીમાંથી પાવરગ્રીડ લાઈન પસાર કરવામાં આવી રહી છે. જ્યાં 'સોની યોજના' અંતર્ગત પાણીના પોઈન્ટ આવેલા છે અને આગામી સમયમાં ચેકડેમ બનવાનો છે. જો આ લાઈન ત્યાંથી પસાર થશે, તો ભવિષ્યમાં ચેકડેમ અને સિંચાઈની સુવિધામાં અવરોધ ઊભો થવાની ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી છે. ગામના ઐતિહાસિક મારવણીપાએ આક્ષેપ કર્યો હતો કે, કંપની દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી લીધા વિના બળજબરીથી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કંપનીના કર્મચારીઓ પોલીસ મંજૂરી હોવાનો દાવો કરે છે, પરંતુ કોઈ લેખિત પુરાવા રજૂ કરી શક્યા નથી. રજૂઆતના પગલે કલેક્ટરે જણાવ્યું છે કે, જો કંપની પાસે સત્તાવાર મંજૂરી ન હોય, તો ગ્રામજનો પોલીસ ફરિયાદ કરી કાયદેસરના પગલાં ભરી શકે છે. બીજી તરફ, ગ્રામજનોએ ચીમકી આપી છે કે, જો તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં નહીં આવે અને કંપની કામ ચાલુ રાખશે, તો તમામ ગ્રામજનો એકઠા થઈને જાતે કામ અટકાવશે.

લીલીયા પંથકમાંથી દેશી બાવળના લાકડાનો ગેરકાયદે જથ્થો ઝડપાયો

અમરેલી, તા.૯ : લીલિયા તાલુકાના વાઘણિયા ભોરીંગડા વિસ્તારમાં મોટા પ્રમાણમાં દેશી બાવળ, લીમડા અને દેશી કુંજના વૃક્ષો કપાઈ રહ્યા હોવાની બાતમી ધારી ગિર પૂર્વના વનતંત્રને મળી હતી. જેના આધારે ટીમે ગત મોડીરાત્રે લીલિયાના વાઘણિયા માર્ગ પરથી પસાર થતા ટ્રક નંજીજે ૧૪ એક્સ ૬૨૮૮ને રોકી તપાસ કરી હતી. ટ્રકમાંથી દેશી બાવળના લાકડાનો જથ્થો ગેરકાયદે હોવાનું માલૂમ પડતા ટ્રક ચાલક પ્રકાશ ડવર સામે કાયદેસરની કાર્યવાહી કરી રૂ.૫૦,૦૫૧નો દંડ ફટકાર્યો હતો.

સાસણગિર-કાસિયાનેસ રેલવે ટ્રેક પર 10 સિંહનું ટોળું આવી ગયું

લોકો પાયલટે ઈમરજન્સી બ્રેક લગાવી !!! સિંહના ઝૂંડને ટ્રેનની અડફેટે આવતા બચાવ્યા



જૂનાગઢ, તા. ૯: ભાવનગર રેલવે મંડળ દ્વારા સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. લોકો પાયલટોની સતર્કતા તથા વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સારો સમન્વયના પરિણામે ગયા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૧૫૯ સિંહના પ્રાણ બચાવવામાં સફળતા મળી હતી. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અત્યાર સુધીમાં ૧૦૧ સિંહને સુરક્ષિત રીતે બચાવવામાં આવ્યા છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ૦૯ ફેબ્રુઆરી સોમવારના લોકો પાયલટ રામાવતાર મીના તથા સહાયક લોકો પાયલટ સોનું શર્મા સાસણગીર કાસિયાનેસ સેકશનમાંથી ટ્રેનથી પસાર થઇ રહ્યા હતા. દરમિયાન અચાનક રેલવે ટ્રેક પર ૧૦ સિંહના ઝૂંડ નજરે પડ્યું હતું. ત્યારબાદ તેમણે વેરાવળ જૂનાગઢ પેસેન્જર ટ્રેનને તરત જ ઇમરજન્સી બ્રેક લગાવી સુરક્ષિત રીતે રોકી દીધી હતી. લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજર સંજય દ્વિવેદને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. આ તકે વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર જે. જી. પરમાર ટ્રેનમાં હાજર હતા. તેમના દ્વારા તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી હટાવવામાં આવ્યા હતા.

...ળિયામાં 'ખાડા'નો ...કાસ નકશો જાહેર

...થી અટકેલી ...તાવ્યા બાંધકામ ...ચાલુ થશે

...તા.૦૯: દેવળુપ્રિ ...ના ખંભાળીયા ...મથકના વિકાસ ...ના જિલ્લા કલેક્ટર ...એ જાહેર કરતા ...અટકેલા વિકાસ ...નાં ખંભાળીયા ...ડળ 'ખાડા'માં ...રામનગર, ...હર્ષદપુર, ...તથા હરિપુર ...આઠ ગામ ...ડ આ તમામ ...તી હતી ...ની નક્કરતા અત્યંત કિંમતી જમીનોવાળા આ ગામોમાં છેલ્લા ત્રણેક વર્ષથી બિન ખેતીની પ્રક્રિયા બંધ થઈ ગયેલી. જેથી બિન ખેતીના પ્લાન માત્ર જાહેર કરીને વેચાણ થતા હતા. ગત દિવાળી પહેલા એટલે કે સવા વર્ષથી પહેલાના સમયથી 'ખાડા'હેઠળ આવતા વિસ્તારોમાં બાંધકામ મંજૂરીઓ પણ 'ખાડા'એ આપવાની બંધ કરી દેતા અનેક સ્થળે મંજૂરી વગર બાંધકામ અટકી ગયું હતું. તો કેટલાક ઇમ્પેક્ટ બાંધકામો પણ બંધ થઈ ગયા હતા તથા તમની અરજીઓ પણ લેવાતી નહતી. જે હવે આ વિકાસ નકશો જાહેર થતા આ તમામ બાંધકામોની બિનખેતી બાંધકામ મંજૂરી તથા ઇમ્પેક્ટ અરજીઓ શરૂ થઈ જશે.

દુઃખદ અવસાન / બેસણું

સ્વજન જણાવવાનું કે અમારા સુપુત્ર
કુમારશ્રી વિલોકસિંહ ચંદ્રગુમસિંહ ઝાલા
તા.૦૮-૦૨-૨૦૨૬ રવિવારના રોજ દેવલોક પામ્યા છે.
ઈશ્વર એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.
સદગતનું બેસણું : તા.૧૨-૦૨-૨૦૨૬ ગુરૂવારના રોજ બપોરના ૪ થી ૬ કલાક સુધી રાખેલ છે.
સ્થળ : લાભસુત હોલ, ગદાપુરા પાસે, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા.
કુમારશ્રી ચંદ્રગુમસિંહ વિક્રમસિંહ ઝાલા (પિતા)
કુમારશ્રી કુલદિપસિંહ ચંદ્રગુમસિંહ ઝાલા (ભાઈ)

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન
ચેરમન પ્રસ્થાન ડિસ્પ્લે બોર્ડનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (CAMC)
DRM-RJT-25-26-SnT-E-14R1; તારીખ: 06/02/2026;
ડિવિઝનલ રેલવે મેનેજર (બેસ એન્ડ ટી), પશ્ચિમ રેલવે, કોઠી કોટ મંડળ, દ્વારકા (PF-1): સ્ટેશન પર ત્રણ વર્ષ માટે CGDB, MLDB, DB વગેરે જેવા વિવિધ ટ્રેન આગમન પ્રસ્થાન ડિસ્પ્લે બોર્ડનો વ્યાપક કરાર (CAMC) અને સંલગ્ન એક્સેસરીઝ.
EMD: ₹.34,157.26 (આઠ હાજર ચોરીસ હજાર એકસો સત્તાવન રૂપિયા અને
ટેન્ડર ફી: ₹.16,700/- (ફ સોળ હજાર સાતસો રૂપિયા માત્ર)
ટેન્ડર ફી: ₹.00.00 (ZERO) As Per Para-3, GCC-July-2022.
અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય: તારીખ 27/02/2026 ના ૧૭:૦૦ કલાક સુધી.
RJT 190
ફોલો કરો facebook.com/WesternRly • અમને ફોલો કરો : x.com/WesternRly

જોઇએ છે.
શ્રી આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ, ઉપલેટા સંચાલીત લીમડી આર.પી. આર્યોડીયા મહિલા કોલેજ, કેવડાવાડી અને શ્રી એમ.પી.આર્યોડીયા હોમ સાયન્સ કોલેજ-ઉપલેટા, ગોંડલી રોડ, ઉપલેટા ૨૦૨૬ શૈ.વ.માટેઃ બી.એ વિથ સિલ્વર કોમિકસ્ટડીની કોલેજ, બી.સી.એ.અને બી.કોમ ક્રમાંક :- ૬૬૦૧૬૬૦૧૦૧૦૦૦